# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-07-2025 Day: Sunday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## વાણિજ્ય મંત્રી : FTA

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે ઓમાન સાથે ભારતનો મુક્ત વેપાર કરાર (FTA) પૂર્ણ થવાના આરે છે. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, વાણિજ્ય મંત્રીએ ઉમેર્યું હતું કે અમેરિકા અને યુરોપિયન સંઘ સાથે ભારતના FTA પણ સારી રીતે આગળ વધી રહ્યા છે જ્યારે ન્યુઝીલેન્ડ, ચિલી અને પેરુ સાથે પણ વાટાઘાટો ચાલી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતના માલ અને સેવાઓમાં ઉચ્ચ ગુણવત્તા અને કિંમત સ્પર્ધાત્મકતા છે જેના કારણે આ કરારો શક્ય બન્યા છે. શ્રી ગોયલે ભારત અને બ્રિટન વચ્ચે થયેલા મુક્ત વેપાર કરાર (FTA) ને એક ક્રાંતિકારી પરિવર્તન ગણાવ્યું છે. આ કરાર ભારતને અત્યંત સ્પર્ધાત્મક ક્ષેત્રોમાં, ખાસ કરીને કાપડ અને ચામડાના માલ ઉદ્યોગમાં, સમાન તકો પૂરી પાડે છે.

---------------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય ન્યાસહાયક વિશ્વ વિદ્યાલય

કેન્દ્રીય હોમિયાપેથી સંશોધન પરિષદ- C.C.R.H. અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેસ્ટિસાઈડ ફોર્મ્યુલેશન ટેક્નોલોજી- I.P.F.T એ રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વ-વિદ્યાલય- NFSU સાથે સમજૂતી કરાર કર્યા છે. શૈક્ષણિક અને સંશોધન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા કરાયેલા આ કરાર અંગે N.F.S.U. કેમ્પસ ડાયરેક્ટર પ્રૉફેસર ડૉક્ટર એસ. ઓ. જુનારે માહિતી આપી.

તેમણે કહ્યું, આ સહયોગ શૈક્ષણિક વિકાસને સમૃદ્ધ બનાવશે. સાથે જ સતત પારસ્પરિક સહયોગ અને નવિનતા દ્વારા મહત્વના વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં ભારતની ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવામાં મદદરૂપ સાબિત થશે.

---

## PM – મન કી બાત

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 124મી કડી હશે. હિન્દીમાં "મન કી બાત"ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.**

**આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક,** આકાશવાણી સમાચારની વેબસાઇટ અને ન્યૂઝ ઑન A.I.R. મોબાઇલ એપ્લિકેશન સહિત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પર કાર્યક્રમનું જીવંત પ્રસારણ આજરોજ કરાશે.

---

## શાળાઓમાં સુરક્ષા તપાસનો નિર્દેશ

**રાજસ્થાનના ઝાલાવાડમાં 10 છાત્ર માટે પ્રાણઘાતક બનેલી સરકારી શાળાની છત ધ્વસ્ત પડવાની કરુણ દુર્ઘટના બાદ સક્રિય બનેલી કેન્દ્ર સરકારે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને શાળાઓમાં ફરજિયાત સુરક્ષા તપાસ કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. દેશના શિક્ષણ મંત્રાલયે આ દિશા-નિર્દેશોની જાણકારી આપી હતી. અગ્નિ સુરક્ષા, માનસિક સ્વાસ્થ્ય સહિત તપાસને આવરી લેવાનો આદેશ તમામ રાજ્યોને અપાયો છે.**

---

## કચ્છમાં ખરીફ પાકની વાવણી

કચ્છ જિલ્લાના દસેદસ તાલુકામાં છેલ્લા **7** દિવસમાં જ **3** લાખ **44** હજાર **716** હેકટરમાં **97** હજાર **796** હેકટરના ઉમેરા સાથે ખરીફ પાકની કુલ વાવણી **4** લાખ **42** હજાર **512** હેકટરે પહોંચી ગઈ છે, જેમાં સૌથી વધુ દિવેલા **81994**, મગફળી **80254**, કપાસ **71665** હેકટરમાં

વવાયા છે. જ્યારે તાલુકામાં રાપર ટોચે 1 લાખ 35 હજાર હેકટરમાં, ગાંધીધામ સાવ તળિયે 2285 હેકટરમાં વાવેતર થયું હોવાનું જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું હતું.

---

## કચ્છમાં વરસાદની આગાહી

રાજ્ય પર સર્જાયેલી ચાર અલગ-અલગ વરસાદી સિસ્ટમની અસર તળે કચ્છ સહિત રાજ્યમાં વરસાદી ગતિવિધિ વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે પાંચ દિવસ સુધી કચ્છમાં અનેક સ્થળે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. કચ્છમાં વરસાદ વરસવાના વર્તારા વચ્ચે જિલ્લામાં અનેક સ્થળે પવનની ઝડપ વધવા સાથે ધૂપ-છાંવનો માહોલ જોવા મળ્યો હતો. અંજાર-ગાંધીધામમાં 34.5 અને ભુજમાં 33.6 ડિગ્રી મહત્તમ સામે લઘુતમ તાપમાન 2પથી 27 ડિગ્રી વચ્ચે નોંધાયું હતું. ભુજ માટેના પાંચ દિવસના સ્થાનિક વર્તારામાં સોમ અને મંગળવારે વરસાદની વધુ સંભાવના દેખાડવામાં આવી હતી.

---

## કચ્છમાં સુરખાબ પક્ષીનું આગમન

પૂર્વ કચ્છનાં રણમાં હજારોની સંખ્યામાં સુરખાબ પક્ષીનું આગમન થયું છે અને રા લાખેજા જાનીની કિલકારીથી રણ ગુંજી ઊઠયું છે. પૂર્વ કચ્છમાં જ્યાં રણમાં પાણી ભરાયાં છે, ત્યાં પ્રવાસી પક્ષીઓનો સર્વત્ર મેળો જોવા મળે છે. ગુજરાતનું રાજ્યપક્ષી એટલે કે સુરખાબ ફ્લામિંગો જેને રા લાખે જા જાની કહ્યા છે અને કચ્છમાં અવતરણ થાય છે તેથી કચ્છી પક્ષી કહી શકાય તેવા સુરખાબ રણમાં પાણી ભરાતાં લાખોની સંખ્યામાં આવી પહોંચ્યા છે.

---